| HUNTSMAN<br>Enriching lives through innovation | CORPORATE GLOBAL POLICY |
|---|---|

| | | |
|---|---|---|
| **Doc Ref. :** | **HRP-001** | પ્રામાણિકતા<br>અખંડતા<br>આદર<br>જવાબદારી |
| **Issue Date:** | **February 6, 2014** | |
| **Revision :** | | |
| **Revision Date:** | | |

| | |
|---|---|
| **શીર્ષક:** | માનવ અધિકાર નીતિ |
| **નીતિ:** | માનવ અધિકાર |

| પુનરાવર્તન ક્ર. | પરિવર્તન(નો) માટેનું કારણ | તારીખ: | લેખક: | માલિક: |
|---|---|---|---|---|
| 0 | પ્રથમ અંક | 6 ફેબ્રુઆરી, 2014 | ચક ઑક્સ | માનવ સંસાધનો |



Copyright (c) 2014 Huntsman Corporation. All rights reserved.

# માનવ અધિકાર નીતિ

## 1. નીતિ કથન

Huntsman માનવ અધિકાર નીતિ, આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત માનવ અધિકારોનું સમર્થન કરતી અને માનવ અધિકારોની જટિલતાઓના દુરુપયોગને ટાળતી એક સંગઠનાત્મક સંસ્કૃતિને વિકસાવવા માટેની, અમારી પ્રતિબદ્ધતાનાં પ્રદર્શનમાં, માનવ અધિકારોના સંબંધમાં અમારા પગલાંઓ અને આચરણ માટેનાં સિદ્ધાંતોને મજબૂત કરે છે. આ સિદ્ધાંતો યુનિવર્સલ ડિક્લેરેશન ઑફ હ્યુમન રાઇટ્સ, OECD ગાઇડલાઇન્સ ફોર મલ્ટિનેશનલ એન્ટરપ્રાઇઝેસ, યુનાઇટેડ નેશન્સ ગ્લોબલ કૉમ્પેક્ટ અને ILO ડિક્લેરેશન ઓન ફંડામેન્ટલ પ્રિન્સિપલ્સ એન્ડ રાઇટ્સ એટ વર્ક ("ILO કોર કન્વેન્શન્સ" તરીકે પણ ઓળખાય છે)માં રહેલા સિદ્ધાંતોનું સમર્થન કરે છે અને તેમની સાથે સુસંગત છે.

## 2. નીતિ ક્ષેત્ર

Huntsman માનવ અધિકાર નીતિ કંપનીના વ્યવસાય આચરણ દિશાનિર્દેશોની પૂરક છે જે પ્રામાણિકતા, અખંડતા, આદર અને જવાબદારીના અમારા મૂલ્યોને સંતોષવાની ખાતરી આપતા અમારા વર્તન, ક્રિયાઓ અને નિર્ણયો માટેની વૈશ્વિક અપેક્ષાઓને સ્થાપિત કરે છે. વ્યવસાય આચરણ દિશાનિર્દેશો અમારા સહાયકો માટે માર્ગદર્શનનું સર્વોચ્ચ સ્તર રજૂ કરે છે. વ્યવસાય આચરણ દિશાનિર્દેશો એક સુરક્ષિત અને સમ્માનપૂર્ણ કાર્યકારી વાતાવરણ જાળવીને, યોગ્ય રોજગાર ઓફર કરી, ગોપનીયતાનો આદર કરી, ભ્રષ્ટાચાર-વિરોધી જરૂરિયાતોનું પાલન કરી, પર્યાવરણીય સંરક્ષકને પ્રોત્સાહિત કરી તથા જવાબદાર માર્કેટિંગ આયોજિત કરીને માનવ અધિકારો માટેના આદરનું પ્રોત્સાહન કરે છે.

Huntsman કંપનીઓના તમામ નિર્દેશકો, અધિકારીઓ, સહાયકો અને પ્રતિનિધિઓ, કે જેમાં કોઈપણ વિભાગો, પેટાકંપનીઓ, એજન્ટ્સ, સલાહકારો અથવા અન્ય પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવતી કામગીરીઓ સહિત, કંપનીની કોઈપણ કામગીરીમાં Huntsman વતી કામ કરવા માટે અધિકૃત કર્મચારીઓ સામેલ હોય, અને સંયુક્ત સાહસો અથવા અન્ય વ્યવસાય ઉદ્યમો કે જેમાં કંપની એક પ્રતિભાગી હોય, તેઓ ("Huntsman કર્મચારી")એ વ્યવસાય આચરણ દિશાનિર્દેશોનું પાલન કરવું જરૂરી છે. Huntsman તેના સપ્લાયરો, વિક્રેતાઓ અને સબકૉન્ટ્રેક્ટર્સ પાસે વ્યવસાય આચરણ દિશાનિર્દેશો અને આ નીતિ દ્વારા રજૂ કરાયેલ માનવ અધિકારો પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા અને કાર્યસ્થળમાં સમાન તકને વહેંચવાની અપેક્ષા રાખે છે.

## 3. નીતિના ઉદ્દેશો

- Huntsman એક એવું કાર્યસ્થળ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે કે જે બળજબરીપૂર્વકનાં અથવા બાળ શ્રમિકનો ઉપયોગ કરતું નથી; કે જે સંગઠનની સ્વતંત્રતા અને સામૂહિક વાટાઘાટના અધિકારોનો આદર કરે છે.

મુદ્રણ વખતે અનિયંત્રિત કૉપિ.



Copyright (c) 2014 Huntsman Corporation. All rights reserved.

- Huntsman એક એવું કાર્યસ્થળ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે કે જે વંશ, રંગ, જાતિ, રાષ્ટ્રીય મૂળ, જાતીય અભિગમ, ઉંમર, ધર્મ અથવા અક્ષમતાના આધારે ગેરકાયદેસર પજવણી અને ભેદભાવનાં સિદ્ધાંતોથી મુક્ત હોય, જેવું કે પજવણી અને બદલા સહિત, ભેદભાવની વિરુદ્ધ નીતિમાં આગળ વર્ણવવામાં આવ્યું છે.

- Huntsman સ્થાનિક બજાર મૂલ્યાંકનો પર આધારિત સ્પર્ધાત્મક વેતન સાથે સહયોગીઓને નુકસાન ભરપાઈ કરવા અને મૂળભૂત તથા ઓવરટાઈમનાં કામના કલાક સહિત રોજગાર શરતો સંદર્ભે બધા કાયદાનું પાલન કરવા માટે પ્રતિબદ્ધ છે.

- Huntsman લાગુ આંતરરાષ્ટ્રીય ધોરણો દ્વારા નક્કી કરવામાં આવેલા તે દેશનાં લોકોના હકો સહિત, જેમાં તે કામગીરી કરે છે તે સમુદાયોના સાંસ્કૃતિક મૂલ્યોના આદર માટે પ્રતિબદ્ધ છે.

- Huntsman અમારી કામગીરીઓ માટે સુરક્ષાની જોગવાઈની ખાતરી પ્રત્યે પ્રતિબદ્ધ છે જે ફક્ત જ્યાં આવશ્યક હોય ત્યાં જ સુરક્ષા સેવાઓનાં ઉપયોગ અને જોખમ માટે આવશ્યક અને ઉચિત હોય ત્યાં જ સૈન્યબળનાં ઉપયોગની આવશ્યકતા માટે સંબંધિત આંતરરાષ્ટ્રીય માનકો સાથે સુસંગત છે.

- Huntsman તેના સપ્લાયરો, વિક્રેતાઓ અને સબકૉન્ટ્રાક્ટર્સ પ્રત્યે તેના મૂલ્યોને પ્રોત્સાહિત કરવા પ્રતિબદ્ધ છે અને તેઓ પાસેથી આ મૂલ્યોનાં પાલનની અપેક્ષા રાખે છે.

- Huntsman સહભાગીઓ દ્વારા ઉઠાવવામાં આવેલ બાબતો પ્રત્યે સજગ રહેવા અને Huntsman ની પ્રવૃત્તિ અને પ્રભાવના વલયોની અંતર્ગત માનવ અધિકારોને સમર્થન આપવા માટે સહભાગીઓ સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે.

## 4. નીતિ અમલીકરણ

નીતિના ઉદ્દેશોને હાંસલ કરવા માટે, Huntsman નીચેનાની બાંહેધરી લેશે:

- નીતિ સાથે સુસંગતતા પર માર્ગદર્શન અને પ્રશિક્ષણ સાથે નીતિને સમર્થન અને કોઈપણ શંકાસ્પદ ઉલ્લંઘનોની જાણ

- વ્યવસાય આચરણ દિશાનિર્દેશો હેઠળ બનાવેલ રિપોર્ટ્સ માટે સ્થાપિત સમાન ચૅનલ્સ દ્વારા આ નીતિના શંકાસ્પદ ઉલ્લંઘનોની જાણ કરવા માટે પ્રોત્સાહન

- શંકાસ્પદ ઉલ્લંઘનોની કૉર્પોરેટ કમ્પ્લાયન્સ મેનેજર દ્વારા સ્થાપિત એક ટીમ દ્વારા તપાસ થશે અને ઉચિત સુધારાત્મક અથવા અન્ય પગલાઓ લેવાશે

- કંપની સિદ્ધાંતોની સુસંગતતાને પ્રોત્સાહિત કરવા માટે અને લાગુ વહીવટી એકમોની નિયમનકારી જરૂરિયાતોને પૂરી કરવા કાર્યપ્રણાલીઓનો વિકાસ અને અમલીકરણ

મુદ્રણ વખતે અનિયંત્રિત કૉપિ.

Copyright (c) 2014 Huntsman Corporation. All rights reserved.

- સમય-સમયે કૉર્પોરેટ કમ્પ્લાયન્સ પ્રોગ્રામ ઑડિટ જરૂરિયાતો અનુસાર નીતિનું ઑડિટ આયોજિત કરશે, અને જ્યારે આવશ્યક હશે, ત્યારે તેની અસરકારકતાનાં સંદર્ભમાં નીતિને અથવા તેની કાર્યપ્રણાલીઓ અને માર્ગદર્શનને અપડેટ કરશે. જો નિયામક મંડળની નોમિનેટિંગ અને ગવર્નેન્સ સમિતિને ઉચિત લાગે તો Huntsman કોઈપણ રીતે, કોઈપણ સમયે એક સ્વતંત્ર ઑડિટ કરાવી શકે છે

- ઓછામાં ઓછા વાર્ષિક ધોરણે, નિયામક મંડળને કંપનીના માનવ અધિકારોનાં પ્રદર્શનની જાણ


Copyright (c) 2014 Huntsman Corporation. All rights reserved.